Research Review
The Refereed & Peer Review International Journal
www.researchreviewonline.com
ISSN : 2321- 4708
July 2019, Year - 6 (75)
Paper ID : RRJ000018

# ધૂમકેતૂની ઐતિહાસિક નવલકથામાં પાત્રસૃષ્ટિ

## સંપાદન

ડો. ક્રિષ્ના કે. સાંડપા
ગુજરાતી વિભાગ, ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા

---

વિધાતા જેમ જગતના જીવાદિ પાત્રોનું સર્જન કરે છે એમ જ લેખક રૂપી વિધાતા પણ પોતાના સાહિત્ય સર્જનમાં પાત્રસૃષ્ટિનું સર્જન કરીને કથાતત્ત્વ અને રસપૃષ્ટ કરે છે. આ રીતે લેખકને પણ વિધાતા કર્મ કરવું અનિવાર્ય છે. લેખકે સર્જેલ સૃષ્ટિ લેખકનું માનસનું દ્યોતક હોય છે.

પાત્રાલેખનની સમર્થ કલા નવલકથાને જીવંતરૂપ આપે છે. આ પ્રકારની નવલકથામાં પાત્રોના માનસનું વિશ્લેષણ, તેમનાં મનોમંથન અને એ રીતે તેમનો વિકાસ અને પરિવર્તન અનિવાર્ય બને છે. આ લક્ષણો વગરની નવલકથા માત્ર સ્વાભાવિક પ્રસંગોનું પારાયણ બને છે.

'બર્બરકજિષ્ણુ જયસિંહ સિદ્ધરાજ' માં પાટણનો તરુણ રાજા જયસિંહ સિદ્ધરાજ નવલકથાનું મુખ્ય પાત્ર છે. સોરઠના સિંહ સમા રા'નવઘણ અને તેનો પુત્ર રા'ખેંગાર રાજા જયસિંહ સિદ્ધરાજ પછીના ધ્યાનાકર્ષક પાત્રો બની રહ્યા છે. આ ઉપરાંત ઈતિહાસ પ્રસિદ્ધ મુત્સદ્દી મુંજાલ મહેતા અને સમગ્ર નવલકથાનો મુખ્ય પ્રસંગ રાજા જયદેવનો બર્બરક પર વિજય છે. જેનો આર્યેતર જાતિનો બર્બરક પણ નવલકથાનું મુખ્ય અંગ બની રહ્યો છે. આમ ઉપરોકત પાત્રો વાચકના હૃદય પર પોતાનું આગવું સ્થાન સ્થાપિત કરી જાય છે. જેના વિશે વિગતે પરિચય મેળવીએ.

**૧ જયસિંહ દેવ :**

'બર્બરકજિષ્ણુ જયસિંહ સિદ્ધરાજ' નવલકથાનું મુખ્ય અંગ જયસિંહ સિદ્ધરાજ છે. પ્રકરણ–૬માં મુંજાલના અવલોકન દ્વારા આપણે જયસિંહદેવથી પરિચિત થઈએ છીએ.''સિંહાસન પાસે બેઠેલો તરુણ જયદેવ જાણે પોતાનું કોઈ જ સ્થાયી સ્વરૂપ ન હોય એવો બેઠો હતો. સ્થિર કહી શકાય એવું કોઈ વ્યકિતત્વ રાજાનું ન હતું. એનું વ્યકિતત્વ જલપ્રવાહ જેવું હતું. પળે પળે નવું અને પળે પળે વધુ રમણીયરૂપે વહેતું એના એક સ્વરૂપનો પૂરો પરિચય મળે ન મળે, ત્યાં તો એનું બીજું જ સ્વરૂપ પહેલાથી તદ્દન જુદું, તદ્દન નવું, તદ્દન અનોખું એવું જોવા મળતું. એના ચહેરામાં કોમળતા હતી, આંખમાં મૃદુતા જણાતી – પણ એના દેહ ઉપર દષ્ટિ કરનાર ઠરી જતો. નરી લોહની વજ્જરતા એમાંથી પ્રગટતી .''

આમ, જયસિંહદેવ કોમળ લાગતો ને વજ્જર જેવો હતો. ભવ્ય હતો ને ભયંકર હતો. પાર્થિવ હતો ને અપાર્થિવ પણ હતો.. લોકો એને ચાહતા અને મનમાં ધ્રુજતા, મંત્રીઓ શેહ પામતા અને મનમાં એને વશ કરવાનો વિચાર કર્યા કરતા. રાજમાતા એને આજ્ઞા આપતા પણ – મનમાં એ આજ્ઞા આપે એમ ઈચ્છતા. આમ એ જેટલો સમજતો અને ન સમજાતો.

જયદેવની કલ્પનાને કોઈ સીમા જ ન હતી. રાજમંત્રીઓને એ ગાંડી ઘેલછા જણાતી. ત્રિભુવન જેવાને પણ પોતાનો બહાદુર કાકો જરાક વિચિત્ર લાગતો. જયસિંહને આખી ભૂમિને કાવ્યમય કરવી, ગુજરાતના એક છેડેથી બીજા છેડે ઠેર ઠેર મહાલયો રચવા, મહાસરોવરો બનાવવા, મહામંદિરો સર્જવા,મહાન યશઃ સ્તંભો ઊભા કરવા.'' વગેરે કલ્પના કરતો અને બીજી જ ક્ષણે આજ્ઞા આપતો હઠીલો અને નિર્ભય, વીર વિક્રમની મૂર્તિ સમો, મહાનમંત્રી, મહાન કવિ કે મહાન નારી મેળવવાની હૃદયમાં અશાંતિ કાર્યમાં વેગ, મનમાં ત્વરા, વાણીમાં સ્વપ્ન, કાંઈક મહાન, કાંઈક ભવ્ય, કાંઈક ઉત્તુંગ, કાંઈક લોકોત્તર, કાંઈક ચિરંજીવ કરી જવાની મનઃસૃષ્ટિ ધરાવતો જેનામાં મૂલરાજનું સાહસ, ભીમદેવનું પરાક્રમ,કર્ણદેવનું રૂપ કોઈ સોલંકીને

નહિ મળેલું એવું રાજા વિક્રમનું જીવન સ્વપ્ન જેને વર્યું હતું. એવો પાટણનો તરુણ નરપતિ ધૂમકેતુ દ્વારા જીવંત બન્યો છે.

**૨ રા'નવઘણ :**

રાજા જયસિંહદેવ સિદ્ધરાજ પછી તરત જ ધ્યાન ખેંચે તેવો ગિરનારના ભૌરવી ખડક જેવો, અણનમ, અડગ, અટંક, ઝેરી નાગણના ડંખને ભૂલાવી દે એવી વેર પ્રણાલિકાનો રાખણહાર એવો જૂનાગઢનો રા'નવઘણનો છે.

‘‘પ્રચંડ કાયામાં એની કરડી આંખ અજબ જેવી આકર્ષક હતી. ચહેરો ભરાવદાર ને શેહ પમાડે તેવો એની સામે નજર માંડવા માટે પણ હિંમત ભેગી કરવી પડે, એટલી કરડાઈ એમાં હતી.’’ રા' નવઘણ જેને દુશ્મન ગણતો એને માર્યે જ રહેતો, જેને મિત્ર ગણતો એને માટે મરી છૂટતો, મરવું અને મારવું એ એનો જીવનમંત્ર હતો. જેનો પરિચય આપણને છે. – ‘અરે ! આ તમે આજ–કાલના છોકરા ! રા' તો, સાત સાત પેઢીથી, મૂળ–મત્તામાં વેર જ સોંપતા આવ્યા છે, કેશવ નાયક ! રા'નાં વેર પૂરાં થાય નહીં ને પૂરાં થાય તે દિ રા'રહે નહીં’ જે ખરેખર પોતાના મૃત્યુ વખતે વારસામાં ખેંગારને પોતાની બાકી રહેલી પ્રતિજ્ઞા પૂરી કરવા પાણી મૂકાવે છે.

આમ, રા'નવઘણનું પાત્ર સોમનાથના ભક્ત, સોરઠનો સિંહ અને અણનમ રહેનાર ને પણ જયસિંહદેવ પાસે બે વખત શરણું સ્વીકારવું પડે છે. જેના દ્વારા ધૂમકેતુ જયસિંહ દેવની વીરતા પ્રગટ કરવામાં અને રા'નવઘણની અડગતા દર્શાવવામાં સફળ રહ્યા છે.

**૩ રા' ખેંગાર:**

રા'નવઘણ કરતાં ચાર ચંદરવા ચડે એવો તેનો પુત્ર રા' ખેંગાર જેને જુવાનીમાં જ એટલી બધી ઐતિહાસિક નામના મેળવી લીધી હતી, કે સોરઠી જુવાન માત્રનું એક જીવનસ્વપ્ન થઈ પડયું કે લડવું તો ખેંગારની પડખે અને મરવું પણ એની જ પડખે જેનો પરિચય આપણને પ્રકરણ–૨૦ માં થાય છે જે મરતા રા'નવઘણની બાકી રહી ગયેલી ચાર પ્રતિજ્ઞા પૂરી કરવાનું સ્વીકારે છે અને જૂનાગઢની ગાદીએ આવે છે. ભોંયરાને ભો ભેગો કરવો, મહીડાને મારવો,પાટણનો દરવાજો તોડવો અને દેવડીને ઉપાડી જઈ રાજાનું નાક કાપવામાં પણ સફળ રહે છે.

આમ, ‘બર્બરક જિષ્ણુ જયસિંહ સિદ્ધરાજ’ નવલકથામાં પ્રતાપી, વજ્ર જેવા દ્દઢ મનોબળવાળો રા'ખેંગાર નવલકથાનું મુખ્ય અંગ બની રહે છે.

**૪ મુંજાલ મહેતા :**

‘બર્બરકજિષ્ણુ જયસિંહ સિદ્ધરાજ’ નવલકથામાં પ્રકરણ–૪માં મુંજાલ મહેતાનો પરિચય આપણને મળે છે.અહી તેમનામાં રહેલ મુત્સદીપણુ છતુ થાય છે પરંતુ તેનો સાચો પરિચય તો પ્રકરણ–૮ ‘મુંજાલે શ્રી ગણેશ માંડયા’ અને પ્રકરણ–૯માં ‘મુંજાલે દંડનાયકને શું કહ્યું ?’ માં જ જોવા મળે છે. જેને પાટણમાં શક્તિશાળી રાજાના સમર્થ મંત્રીની છાપ મેળવી લીધી છે તેવા મુંજાલની ધ્યાન બહાર કોઈ વાત હોતી નથી. મુંજાલને જયસિંહ પ્રત્યે માને છે માટે જ તે પાટણમાં થતાં દરેક બનાવ પર નજર રાખે છે અને રાજાને પોતાની કુનેહથી દોરતો અને એટલી જ કુનેહથી કેશવને મહારાજના સાનિધ્યમાંથી દૂર કરવામાં અને પોતાનું મંત્રી તરીકેનું સ્થાન આપવામાં પણ સફળ થાય છે.

આમ,રાજમંત્રી તરીકે મુંજાલ મહેતાનું પાત્ર નજરથી, વાતથી, હાસ્યથી, પ્રસંગ ઉપર, વાતાવરણ પર, પોતાના વ્યતિકતત્વનો દોર બેસાડવામાં ઈતિહાસ પ્રસિદ્ધ મુંજાલમહેતાનું પાત્ર જીવંત બની રહે છે.

**૫ બર્બરક :**

ધૂમકેતુ 'બર્બરકજિષ્ણુ જયસિંહ સિદ્ધરાજ' નવલકથામા આરંભમાં જ બર્બરકની ભયાનકતાથી પાટણને ધ્રુજતું દર્શાવે છે. બર્બરક માનવ, અમાનવ કે અતિમાનવ છે. રાજા જયસિંહદેવને બર્બરકને હાથોહાથ યુદ્ધ આપવાના કોડ જાગ્યા છે, પરંતુ બર્બરકનો સાચો પરિચય પ્રકરણ–૧૯માં આપણને મળે છે. 'એક જાડું, મજબૂત, કાળું, ઊંચુ શરીર, એના જબરજસ્ત કસાયેલ શરીરને પડખે બીજાનાં શરીર માઈકાંગલાં લાગતાં હતાં. એને આખે શરીરે જાડા, કાળા, ટૂંકા વાળ હતા. એની ચામડી મજબૂત ને જાડી હતી. છેટેથી ચામડીમાં એ કોઈ રાની પશુ જેવો લાગતો હતો. એની ભયંકર પીળી આંખોમાંથી જાણે અગ્નિ ઝેરતો હતો. એના હાથને પગ એટલા લાંબાને મોટા હતા કે તે ઘણે દૂરથી પણ પોતાના દુશ્મનને પકડીને પોતાની હડફેટમાં ઉપાડી લેતો હતો. તેનું વાંકું,કાળું નાક અને મોટા ઊભા કાન એને વધારે ભયંકરતા અર્પતા હતા, તે ચાલતો ત્યારે જાણે કોઈ ભયાનક કાળો પડછાયો ચાલતો હોય તેમ લાગતું, સૈન્ય ત્રાસીને એનાથી નાસી જતું. એ અવાજ કરતો ને એકી સાથે વાદળમાંથી સેંકડો ગડગડાટ થતા હોય તેમ લાગતું.'' આવા ભયાનક રૂપમાં પણ એક માનવ છૂપાયેલો હતો. તે જબરજસ્તવિદ્યાનો ઉપાસક હતો. તે મહાશિલ્પી પણ હતો. તે 'પથરાઓમાંથી કમળો, પંખીઓ, હાથીઓ,માનવો, એની કલ્પનાને રુચે એવા આકારો એ રચતો.' એ આકારો પાછા તોડી–ફોડી ફેંદી–ફેંકી દઈ, એ સ્વછંદ વિહાર કરવા ચાલ્યો જતો. વળી આવતો, વળી રચનાઓ કરતો.''

આવા વિચિત્ર માનવને જયસિંહદેવ સિદ્ધરાજે દ્વંદ્વ યુદ્ધથી વશ કર્યો અને ત્યારથી 'બર્બરકજિષ્ણુ જયસિંહ સિદ્ધરાજે' લોક કલ્પનામાં પતાનું એક અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું.

**ગૌણ પાત્રો :**

માત્ર પ્રતાપી પાત્રો જ ધૂમકેતુ સર્જે છે તેવું નથી. કોમળ સ્વભાવનાને સામાન્ય પ્રકારના મનુષ્યો પણ એમણે આલેખ્યા છે. જેના દેહના અણુએ અણુમાંથી રણયોદ્ધાનો ટંકારવ ઊઠતો હોય જે આ જન્મ યોદ્ધો જ રહેવા સર્જાયેલ હોય તેવો પાટણના સિંહાસન માટે મરીફીટવામાં ગૌરવ લેનાર , રાજ્યનું ગૌરવ એ જાણે એનો મુદ્રાલેખ હોય, ભલો, ભોળો અને વિશ્વાસુ, મૈત્રી માટે માથું ઉતારી આપે એવો ત્રિભુવનપાલ,પોતાનાથી વયમાં નાના,કાકા જયદેવ પ્રત્યે એને પ્રીતિ હતી. રાજસત્તા પોતે ચલાવે અને પોતે જ પોતાનું વ્યકિતત્વ પ્રગટાવે એ જોવાની એને અભિલાષા હતી.

એવો જ રણયોદ્ધો અને મુત્સદ્દી, જેની આંખમાં સ્વપ્નદષ્ટાની મોહક રમણીયતા, જેને નાનો વિજય સંતોષ આપે તેમ ન હતો. નજરને પકડી રાખે એવો દેખાવ, મહારાજના જમણા હાથ સમો કેશવ, મહારાજને દરેક મુશ્કેલીમાંથી બચાવવા હંમેશા તત્પર રહેતો. જે આપણને પ્રકરણ–૨૭ 'કેશવની મનોવ્યથા'માં જોવા મળે છે પરંતુ તે મુંજાલની ચાલનો ભોગબને છે અને પોતાના બાલમિત્ર, એવા મહારાજને છોડી તેને માળવા જવું પડે છે.'

આ ઉપરાંત જગદેવ પરમાર જે મહાકાળીનો ઉપાસક છે જેને અજિતાસિદ્ધિનું કંકણ મેળવ્યું છે. મહાઅમાત્ય સાંતૂ મહેતા જે મહારાજની કલ્પના સાથે ઊડતાં એની પાંખ જરાક ઝોક લેતી હતી. તો દંડનાયક નાગર દાદકનો પુત્ર મહારાજ જેને ક્ષુલ્લક વસ્તુ જાણે પોતાને સ્પર્શે નહિ એવી અનોખી એની ઢબ હતી. આ ઉપરાંત મહાચોરનું બિરુદ પામેલા ખર્પરક અને કપર્દક. જ્યારે સ્ત્રી પાત્રોમાં પોતાની સાદાઈમાં વધારે પ્રતાપી લાગતી, દીકરાને માત્ર દોરવણી આપતીને પોતાના સ્થાનને ગૌણ કરીનાખવા માગતા હોય તેવા મીનળ દેવી ભયંકર ખડકમાં પણ પ્રેમ, નિર્ભયતા, મમતા જેવું એક રમણીય ફૂલ સમ દેવડી (સોનલદે) આ

ઉપરાંત પિંગલિકા, લચ્છી, ઝાંઝણ,દેશુભા,વિશુભા દેવડો, પંડિત રુદ્રશર્મા, રુદ્રદેવ જેવાં સામાન્ય પ્રકારનાં મનુષ્યો પણ ધૂમકેતુએ આલેખ્યાં છે.

અહી પાત્રો દ્વારા મનુષ્યનાં હૃદય અને મનની સૂક્ષ્મતાને તાદ્દ્શ રીતે નિરુપવામાં ધૂમકેતુ સફળ રહ્યા છે. હૃદયના વિરોધી ભાવોનું તુમુલ યુદ્ધ ભાવના અને વ્યવહારનું, વિધિ અને મનુષ્યની હરિફાઈનું એમણે સચોટ વર્ણન કર્યું છે. એમના લગભગ બધાં જ પાત્રો આ પ્રકારનાં રહસ્યોને એક યા બીજા સ્વરૂપે વ્યકત કરે છે.

**કાલ્પનિક પાત્રો** :

'બર્બરકજિષ્ણુ જયસિંહ સિદ્ધરાજ' નવલકથામાં ધૂમકેતુ વધુમાં વધુ ઈતિહાસને સાચવીને આગળ વધે છે. પરંતુ અમુક પાત્રોને સર્જકે કલ્પના દ્વારા નવલકથામાં રજૂ કયા છે. કેશવ જેવા પાત્રો દ્વારા સોલંકીકાળની રજપૂતી તે કાળનું શૌર્ય અને જયસિંહદેવ સાથેના સંવાદ દ્વારા જયસિંહદેવનું કાચા કાનનું હોવું, તેની કલ્પના, ઊતાવળિયો સ્વભાવ વગેરે નિર્બળતા દર્શાવી જાય છે. તો બીજી તરફ જયસિંહદવની અસલ રજપૂતી તેનું ખમીર, તેની સત્તાકાંક્ષા, ઈતિહાસને કેન્દ્રમાં રાખીને સિદ્ધરાજને બહાદૂર, વીર, નીડર દર્શાવવામાં શ્રી ધૂમકેતુ કાલ્પનિક પાત્ર કેશવ દ્વારા તાકયુતીર મારવામાં સફળ થયા છે.

આ ઉપરાંત લચ્છીના પાત્ર દ્વારા રણકનું જીવન રહસ્ય, દેવડાજીના પાત્ર દ્વારા મહીડાની, રા'ખેંગારની ખુમારી, દઢતા, તેનો રણરંગી સ્વભાવ વગેરે ધૂમકેતુ પોતાના કાલ્પનિક પાત્ર દ્વારા ઈતિહાસના પાત્રને યોગ્ય ન્યાય આપવામાં સફળ રહ્યા છે.

જ્યારે ઝાંઝણ રુદ્ર શર્મા, રણંગ, લચ્છી જેવાં કાલ્પનિક પાત્રો સોલંકીકાળનું વાતાવરણ, તે સમયના વહેમો, અંધશ્રદ્ધા, માન્યતાઓ, પ્રજા માનસ વગેરે ધૂમકેતુ પોતાની આગવી સૂઝબૂઝથી પોતાના માનસ સંતાનો દ્વારા મુખ્ય પાત્રને કેન્દ્રમાં રાખીને જગતના પટ પર રમતાં મૂકી દે છે. આમ, સર્જકે સ્વકલ્પનાના બળે રમતાં મૂકેલાં પાત્રો પણ જીવંત બની રહે છે.

## સંદર્ભગ્રંથ

ધૂમકેતુ, અવંતીનાથ જયસિંહ સિદ્ધરાજ
ધીરુભાઈ ઠાકર,અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસ રેખા
પ્રસાદ બ્રહ્મભટ્ટ,અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ
નરેશ વેદ, કથાયોગ
રજની વ્યાસ,૧૧૧ ગરવા ગુજરાતી